**સે-૧૫ સાંઈ સંકુલમાં રામનવમીથી નવીન સ્વીમીંગ પુલ શરૂ થશે**

## @ગાંધીનગર

● શકિત મંડળ દ્વારા સવારે ૧૦.૩૦ થી ૧૨.૩૦ કલાક દરમિયાન નિમિષાબેન પંડયાના કંઠે આનંદનો ગરબો સરોજબેન પંડયાના યજમાનપદે અંબાજી મંદિર, સે-૧૪ ખાતે યોજાશે.

● આનંદ ગરબા મંડળ સે-૩-સી દ્વારા બુધવારના રોજ રાત્રે ૮ થી ૧૧ કલાક દરમિયાન મધુબેન કડીકરના કંઠે આનંદનો ગરબો મધુબેન પ્રજાપતિના નિવાસસ્થાન પ્લોટ નં. ૬૨૬/૨, સે-૬-બી ખાતે યોજાશે.

● ડભોડાના પટેલ વાસ ખાતે બુધવારના રોજ રાત્રે ૮.૦૦ કલાકે સંજયભારતી બાપુની વ્યાસપીઠે સુંદરકાંડ પાઠ યોજાશે.

● દલિત સાહિત્યવિમર્શ મંચના ઉપક્રમે ડૉ. આંબેડકરના ગ્રંથ 'શ્રી રસેલ અને સમાજનું પુનઃનિર્માણ' વિષય ઉપર કવિ પ્રવિણ ગઢવી બુધવારના રોજ સાંજે ૫.૪૫ કલાકે સે-૧૨, આંબેડકરભવન ખાતે વકતવ્ય આપશે.

● મા મેલડી આનંદ ગરબા મંડળ સે-૩-સી દ્વારા બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન કમલાબેન ગુપ્તાના નિવાસસ્થાન પ્લોટ નં. ૬૩૭/૨ ખાતે આનંદનો ગરબો યોજાશે.

● બેંક ઓફ ઈન્ડિયા ગીફટ સીટી શાખા દ્વારા બુધવારના રોજ સવારે ૯.૩૦ કલાકે ૫૬-એ, ગિફટ-૧ ગ્રાઉન્ડ ફલોર, ૫-સી રોડ, ઝોન-૫ ખાતે શુભારંભ સમારોહ યોજાશે.

# માતાની અંતિમયાત્રા પહેલા દિકરાનો ગળે ફાંસો...!!

## પિતાના મૃત્યુ બાદ માતા-પુત્ર એકલા રહેતા હતા : માતાના મૃત્યના સમાચાર સાંભળીને દિકરાએ ઘરમાં જઈને ગળે ફાંસો ખાઈ લીધો : પેથાપુર સંજરીપાર્ક નજીક કાચા છાપરાની હૃદયદ્રાવક ઘટના

ગાંધીનગર, તા.૧૨

પૈસો નથી પરંતુ પ્રેમનો ખજાનો અખુટ છે...! પેથાપુર સંજરીપાર્ક સામે વન વિભાગની ઝાડીઓના કાચા છાપરામાં હૃદય દ્રાવક ઘટના બની હોવાનું ધ્યાને આવ્યું છે. પિતાના મૃત્યુ બાદ માતા-પુત્ર એકલા રહેતા હતા. માતા બિમાર હોવાથી પથારીવશ હતી. આજે સવારે પડોશી યુવાને તે છાપરામાં રહેતા ટીન એજ દિકરાને ઉઠાડયો અને કહ્યું કે તારી બિમાર માતા હવે આ દુનિયામાં નથી રહી..! તેણીનું મૃત્યુ થઈ ગયું છે..! માતાને અખુટ પ્રેમ કરતો દિકરો સ્તબ્ધ થઈને સુન્ન થઈ ગયો. મૃત માતાની અંતિમયાત્રા નીકળે તે પહેલા જ એકલો પડી ગયેલો દિકરો ઘરમાં ગયો અને તેણે પણ ગળે ફાંસો ખાઈ લઈ જીવનલીલા સંકેલી નાંખી હતી. ઘરના બંને સભ્યોના મૃત્યુ બાદ પોલીસ અને પડોશીઓએ મળીને બંનેની અંતિમવિધિ કરી હતી. આ વિસ્તારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. પેથાપુર પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી આરંભી છે.

મળતી માહિતી મુજબ પેથાપુર સંજરીપાર્ક સામે



વનવિભાગની ઝાડીઓમાં કાચા છાપરામાં રહેતા ૫૫ વર્ષીય લીલાબેન સેંધાજી ઠાકોર ઘણા સમયથી બિમાર હતા અને પથારીવશ હતા. તેમના પતિ સેંધાજીનું આઠ વર્ષ પહેલ મૃત્યુ થયું હતું. તેમને સંતાનમાં એક દિકરો કિશન હતો પતિના મૃત્યુ બાદ લીલાબેને બીજા લગ્ન કર્યા અને બે ત્રણ વર્ષ પહેલા બીજા પતિનું પણ મૃત્યુ થયું હતું. ત્યારથી ૫૫ વર્ષીય માતા અને ૧૯ વર્ષીય દિકરો કિશન બંને એકલા આ ઘરે રહેતા હતા. દરમિયાન આજે સવારે પડોશમાં રહેતા યુવાને કિશનને ઉઠાડયો અને તેની માતાનું રાત્રી દરમિયાન મૃત્યુ થયું હોવાના દુઃખદ સમાચાર આપ્યા હતા. ડઘાઈ ગયેલો દિકરો હવે માતાના મૃત્યુ બાદ એકલો પડી ગયો હતો. પડોશીઓને અંતિમવિધીની તૈયારીઓ કરવાનું કહીને દિકરો ઘરમાં ગયો હતો અને મૃત માતાની અંતિમ યાત્રા પહેલા જ લાગણીશીલ દિકરાએ ગળે ફાંસો ખાઈ લેતા ચકચાર મચી ગઈ છે. પેથાપુર પોલીસ અને પાડોશીઓએ તેમના સગાઓને બોલાવીને માતા-દિકરા બંનેની એક સાથે અંતિમ વિધિ કરીને અગ્નિ સંસ્કાર કર્યા હતા. પેથાપુર પીએસઆઈ ડી.બી.વાળાએ અકસ્માત મોતનો ગુનો નોંધીને અંતિમ વિધિઓ કરાવી હતી.

# બીબીએ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું ભવ્ય સ્નેહમિલન

ગાંધીનગર, તા.૧૨

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન પી.પી. કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન દ્વારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સ્નેહમિલનનું આયોજન સરખેજ-ગાંધીનગર હાઈવે પર ખોરજ સ્થિત અતિથિ ઢાબા ખાતે કરાયું હતું. જેમાં સ્થાપના વર્ષ ૧૯૯૯થી લઈ ગત વર્ષે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓ સહિત ૨૫૦ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

આ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ આજે અનેક ક્ષેત્રે સફળ બની સમાજમાં સેવા આપી રહ્યા છે તે બાબતનું કોલેજને ગૌરવ છે. કાર્યક્રમની શરૂઆત કોલેજના આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટીએ ઉપસ્થિત તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્વાગત કરીને કરી હતી. તેમણે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને પોતાની કારકિર્દીને દ્વારા વિદ્યાર્થીઓને કોલેજ દ્વારા વર્ષ દરમિયાન ચાલતી પ્રવૃત્તિઓ અંગે ખ્યાલ અપાયો હતો. તેમણે કાર્યક્રમના ઉદ્દેશ્ય બાબતે જણાવ્યું





સફળ બનાવવામાં કોલેજ હંમેશા મદદરૂપ થશે તેમ જણાવ્યું હતું. કોલેજના સિનિયર અધ્યાપક તથા કાર્યક્રમના સંયોજક ડૉ. જયેસ તન્ના હતું કે પ્લેસમેન્ટ, ઈન્ટેન્શીપ, આન્ત્રપેન્યોરસેલ, ઈન્ડસ્ટ્રીયલ વિઝિટ સહિતની બાબતો પર કોલેજ વિશેષ ભાર મુકે છે.

આ સ્નેહમિલ થકી પ્રસ્થાપિત થતા નવા સંબંધોથી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ એકબીજા સાથે ધંધાકીય સંબંધો પ્રસ્થાપિત કરી રોજગારીની તકો વધારી શકે છે. 'બીપીસીબીએ સ્ટુડન્સ વિલ નેવર રિમેઈન જોબલેસ' સુત્રની સૌને યાદ અપાવી હતી. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા કોલેજની પ્રવૃત્તિઓ બાબતે ખુશી વ્યકત કરવામાં આવી હતી અને કોલેજ દ્વારા ૩૫ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સ્વાગત માટે બીબીએના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું મેનેજમેન્ટ બીબીએના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા કોલેજ તરફથી આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટીના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમના સંયોજક ડૉ. જયેશ તન્ના તેમજ સમગ્ર કોલેજ પરિવાર દ્વારા સઘન પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા હતા.

## સુંદરધામ પરિવાર દ્વારા સુંદરકાંડ પાઠનું આયોજન

ગાંધીનગર, તા.૧૨

સુંદરધામ પરિવાર દ્વારા શ્રી રામચંદ્ર ભગવાનના જન્મ મહોત્સવની ઉજવણી નિમિત્તે આગામી તા. ૧૫મી એપ્રિલને શુક્રવારના રોજ સુંદરકાંડ પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન હિંડોળા દર્શન અને મહાપ્રસાદનું પણ આયોજન કરાયું છે. આ ઉપરાંત હરિદ્વાર આવનાર વ્યકિત માટે ૧૫મી એપ્રિલ ફોર્મ ભરવાની છેલ્લી તારીખ રહેશે. જેથી ફોર્મ ભરી જમા કરાવવા સુંદરધામ પરિવારે જણાવ્યું છે.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા કલા શિબિર ૨૦૧૬નું આયોજન

બાળકોમાં કલા પ્રત્યે અભિરૂચિ કેળવાય તેવા હેતુથી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા આગામી તા. ૧લી મેથી ૧૦ જૂથ દરમિયાન કલા શિબિર ૨૦૧૬નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સંગીત, ચિત્રકલા, આર્ટ એન્ડ ક્રાફટ, યોગ, ફોટોગ્રાફી, શાસ્ત્રીય નૃત્ય સહિત જેવી વિવિધ પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ શિબિરમાં ધોરણ-૬ થી ૮ના બાળકો ભાગ લઈ શકશે. શિબિરમાં જોડાવા માટે ૨૦ એપ્રિલ નામ નોંધાવવાની અંતિમ તારીખ રહેશે. કલાશિબિર અંગેની વધુ વિગત માટે સે-૨૦ યુનિવર્સિટી કાર્યાલયનો સંપર્ક કરવા કુલસચિવે જણાવ્યું છે.

# સે-૨૩ની ઝાડીઓમાં જુગાર રમતા સાત શકુનીઓ પકડાયા

## રૂ. ૧.૨૫ લાખના મુદ્દામાલ સાથે સાતેયની ધરપકડ : ટેમ્પો ટ્રેક ગાડીમાં બાજી માંડીને બેઠા હતા ને પોલીસની રેડ પડી

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરના સેકટર-૨૩ ખાતે સ્થિત ઝાડીઓમાં એક ગાડીમાં જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે સે-૨૧ પોલીસની ટીમે દરોડો પાડયો હતો. રૂ. ૧.૨૫ લાખના મુદ્દામાલ સાથે સાત શકુનીઓની ધરપકડ કરીને પોલીસે જુગારધારા હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

સેકટર-૨૧ પોલીસ મથકની ડીસ્ટાફની ટીમને સવારે બાતમી મળી હતી કે સે-૨૩ ખાતે સ્થિત શાળાની સામેની ઝાડીઓમાં સ્કૂલ વર્ધી મારતા ડ્રાઈવર્સ અને તેમના મિત્રો મળીને એક જીજે ૧૮ એકસ ૦૩૨૩ નંબરની ટેમ્પો ટ્રેક ગાડીમાં જુગાર રમી રહ્યા છે. જેને આધારે પોલીસે રેડ કરીને જુગાર રમી રહેલા સાત શખ્સોને પકડી પાડયા હતા. પેથાપુરના સંજય દિલીપ રાઠોડ, ધમાસણાના બ્રિજેશ કેશા પટેલ, ઉવારસદના પુનમ શંકર વાઘેલા તથા વાવોલના સુનિલ ચતુર પટેલ, પૈફીક અનવર શેખ, સંજય જશુ વાઘેલા અને હિમાંશુ વિક્રમ પટેલ મળીને સાત જુગારીઓની પોલીસે ધરપકડ કરી લઈ ગાડી તથા મોબાઈલ અને રોકડ રૂ. ૧૨,૩૩૦ મળીને કુલ રૂ. ૧,૨૫,૩૩૦નો મુદ્દામાલ જપ્ત કરીને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ઝુલેલાલ સાંઈબાબા મંદિર ખાતે રામનવમીની ઉજવણી કરાશે

સેકટર-૩૦ સ્થિત શ્રી ઝુલેલાલ સાંઈબાબા મંદિર ખાતે રામનવમી ઉત્સવ નિમિત્તે આગામી તા. ૧૫મી એપ્રિલને શુક્રવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે ભગવાન શ્રી રામ નામની અખંડ ધૂનનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૨.૦૦ કલાકે રામ જન્મોત્સવની ઉજવણી કરાશે. આ ઉપરાંત રામ નવમીના પાવન દિવસે જ સાંજે ૫.૦૦ કલાકે સાંઈબાબાની પાલખી નિકાળવામાં આવશ તેમજ સાંજે ૭.૦૦ કલાકે પરિભ્રમણ બાદ નિજ મંદિરે પરત ફરશે. આ પ્રસંગે તમામ ભાવિક ભકતોને હાજર રહેવા સિંધી પંચાયતના પ્રમુખ લાલચંદ ગોપલાણીએ જણાવ્યું છે.

## સે-૧૫ સાંઈ સંકુલમાં રામનવમીથી નવીન સ્વીમીંગ પુલ શરૂ થશે

શહેરના સેકટર-૧૫ સ્થિત સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા ખાતે સ્વીમીંગમાં રસ ધરાવતા ખેલાડીઓ અને આમ નાગરિકો માટે નવ નિર્માણ પામેલ સ્વીમીંગ પુલ આગામી ૧૫મી એપ્રિલ રામનવમીના રોજ સવારે ૬ કલાકેથી શરૂ કરવામાં આવશે.

ગાંધીનગરની સામાન્ય જનતા તેમજ સ્વીમીંગમાં રસ ધરાવતા ખેલાડીઓ તરવૈયા અને સ્વીમીંગ શીખવા ઈચ્છુક હોય તેઓ સ્વીમીંગ પુલનો લાભ લઈ શકે છે. સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા સેકટર-૧૫ ગાંધીનગર ખાતે નવીન સ્વીમીંગ પુલ તૈયાર કરવામાં આવ્યો છે. આ પુલ આમ જનતા માટે રામનવમીના દિવસે તા. ૧૫ એપ્રિલ ૨૦૧૬ના રોજ સવારના ૬ વાગ્યાથી શરૂ કરવામાં આવશે. સ્વીમીંગ પુલનો સમય સવારે ૬ થી ૧૦ અને સાંજે ૩.૩૦ થી ૬.૩૦નો રહેશે.

સ્વીમીંગ શીખવા માંગતા શહેરીજનો રજીસ્ટ્રેશન અને મેમ્બરશીપ માટેના ફોર્મ સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા સે-૧૫ મેઈન ગેટ ઉપરથી રૂ. ૫૦ આપવાથી મેળવી શકશે. ઓફિસ સમય સવારે ૬ થી ૧૦ અને બપોરે ૩.૩૦ થી ૬.૩૦ સુધીમાં સંપર્ક કરવાનો રહેશે. ફીનું ધોરણ વિવિધ પ્રકારની કક્ષા માટે અલગ અલગ હોવાથી તે પ્રમાણે પ્રવેશ આપવામાં આવશે તેમ રીજીયોનલ ડાયરેકટર આર.કે. નાયડુએ જણાવ્યું હતું.

## વાતવાતમાં

● મનપાની ચૂંટણીઓ માટે સેકટરે સેકટરે રાજકીય પક્ષોના કાર્યાલયો ખુલી ગયા છે જે બપોરના સમયે ગરમીના કારણે ખાલીખમ હોય છે. આ કાર્યાલયો પર સવારે અને સાંજથી મોડી રાત્રિ સુધી નાસ્તા પાણીની મહેફિલો જામે છે.

● સે-૧૬ની બેંક ઓફ ઈન્ડિયામાં કેસ કાઉન્ટરો પરની અત્યંત ધીમી કામગીરીના કારણે ગ્રાહકોની ભીડ જામી હતી. પેન્શન નાણા લેવા જેવા બેંકીંગ કાર્યો મટે શાખામાં આવેલા વરિષ્ઠ નાગરિકોમાં આ કારણે રોષની લાગણી જોવા મળી હતી.

● સિવિલ હોસ્પિટલના નવા પ્રવેશદ્વારથી પ્રવેશતા વાહનચાલકો સામે દેખાતી કેન્ટિન પાસે આડેધડ પાર્કિંગ કરી પાર્કિંગ ચાર્જ બચાવી રહ્યા છે. આ વાહનોના નડતરરૂપ પાર્કિંગના કારણે હોસ્પિટલ સત્તાવાળાઓ તથા પાર્કિંગ લોટના કર્મચારીઓ ત્રાહિમામ પોકારી ગયા છે.

● સે-૪ની ઝાડીઓમાં પાનખરમાં ખરી પડેલા સૂકા પાંદડાઓના ઢગલામાં આગ લાગી હતી. અગાઉ સે-૧૧માં પણ આ રીતે સૂકા પાંદડા અગમ્ય કારણોથી સળગી ઉઠયા હતા જે જોતા આ પ્રકારના બનાવો પાછળ કોઈના અટકચાળાની શંકાઓ પ્રવર્તી રહી છે.

● બપોરના સુમારે મહાત્મા મંદિર સામે બે કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં એક મોટી કાર નાની કારને ટકકર મારીને પૂરપાટ વેગે ભાગી ગઈ હતી અને નાની કારનું બમ્પર તોડતી ગઈ હતી.

● આંખમાં મરચાની ભૂકી નાંખી ધાડ પાડનારા નભોઈ ધાડ કેસના ધાડપાડુઓને ત્રણ દિવસના પોલીસ રિમાન્ડ માટે મોકલી આપવામાં આવ્યા છે.

● આસારામના ૨૪ જેટલા સાધકને કોર્ટે નિર્દોષ જાહેર કરતા મંગળવારે ગાંધીનગર કોર્ટમાં રિલીવ ઓર્ડર લેવા આવ્યા હતા. આ સમયે તેમના સગાવાલાઓ કોર્ટ સંકુલમાં મોબાઈલ કેમેરાથી ફોટા પાડતા હોવાથી પોલીસે તેમની અટકાયત કરતા મામલો પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો હતો.

# ટીશ્યુ કલ્ચર પધ્ધતિ દ્વારા વનીકરણ પ્રક્રિયામાં ક્રાંતિ

## ગાંધીનગર ખાતેની ટીશ્યુ કલ્ચર લેબોરેટરીમાં દર માસે સાગના ૩૦ થી ૪૦ હજાર ઉત્તમ ગુણવત્તાયુકત રોપા તૈયાર કરાય છે : એક સાથે ૧.૫૦ લાખ રોપા તૈયાર કરવાની ક્ષમતા ધરાવતી લેબ દ્વારા છેલ્લા સાત વર્ષમાં આશરે ૭ લાખ રોપા તૈયાર કરી ગુજરાતના વિવિધ ભાગોમાં પહોંચાડાયા

ગાંધીનગર, તા.૧૨

પૌરાણિક ભારતીય વૈદિક સંસ્કૃતિમાં અનેક એવી બાબતોનો ઉલ્લેખ આવે છે જેને તર્કના સહારે માનવી અઘરી પડે છે પરંતુ આધુનિક યુગમાં વિજ્ઞાન-ટેકનોલોજીના સહારે તે યથાર્થ પણ લાગે છે. ઉદાહરણ તરીકે ગણેશજીના માથાનું પ્રત્યારોપણ, પુષ્પક વિમાન કે પછી ગાંધારીના ગર્ભમાંથી સો પુત્રો પેદા કરવા જેવી બાબતો માત્ર કાલ્પનિક હોવાનું માનતા હોવ તો આજના યુગમાં થઈ રહેલા ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ, જેટ વિમાનો કે ટીશ્યુ કલ્ચર પધ્ધતિ વગેરેના આધારે જોતા તે ફેરવિચારણા કરવા પર મજબૂર કરે છે. ગાંધીનગરમાં સે-૩૦માં વન તાલીમ કેન્દ્ર ખાતે ટીશ્યુ કલ્ચર પધ્ધતિ દ્વારા દર મહિને આશરે ૩૦ થી ૪૦ હજાર સાગના રોપા તૈયાર કરી ગુજરાતની વનરાજીને વધુને વધુ હરિયાળી બનાવવાનો સઘન ઉપક્રમ કરાઈ રહ્યો છે.

### શું છે ટીશ્યુ કલ્ચર પધ્ધતિ?

કુદરતી રીતે અથવા અન્ય પરંપરાગત રીતે ઉછેરવામાં આવતા રોપમાં માતૃ વૃક્ષના તમામ ગુણો આવતા નથી. ટીશ્યુ કલ્ચર પધ્ધતિ દ્વારા જે તે વૃક્ષમાંથી શ્રેષ્ઠ પસંદ કરી તેની અગ્રકલિકામાંથી ટીશ્યુ મેળવી જે રોપા તૈયાર કરાય છે તેમાં માતૃવૃક્ષના તમામ ગુણો વિકસે છે. ગાંધીનગરની ટીશ્યુ કલ્ચર લેબોરેટરીમાં એક સાથે ૧.૫૦ લાખ રોપા તૈયાર કરવાની ક્ષમતા છે. અને દર મહિને ૩૦ થી ૪૦ હજાર રોપા તૈયાર કરી વિતરણ કરાય છે.

### માત્ર રૂ. ૨૫માં ખેડૂતના વારસદારનું ભાવિ સુરક્ષિત

સાગનું વૃક્ષ આશરે ૧૨ થી ૧૫ વર્ષે તૈયાર થાય છે, ખેડૂત મોટે ભાગે તેની વારસદાર પેઢી માટે તેનું વાવેતર કરે છે. ટીશ્યુ કલ્ચર પધ્ધતિ દ્વારા તૈયાર કરાયેલ સાગના રોપામાંથી વૃક્ષ એકદમ સીધું અને વધુ ઊંચાઈ ધરાવતું હોવા ઉપરાંત ઝડપથી વિકસે છે. તેના રોપા બજારમાં મળતા રૂ. ૫૫ થી ૬૦ના ભાવની સરખામણીએ અહીં માત્ર રૂ. ૨૫માં આપવામાં આવે છે. વળી, સીધુ અને લાંબુ તથા વધુ પહોળુ વૃક્ષ તૈયાર થવાથી તેના લાકડાની કિંમત સૌથી વધુ ઉપજે છે.

ગાંધારીના એક ગર્ભમાંથી સો પુત્રો પેદા કરવા જેવી જ પધ્ધતિ ટીશ્યુ કલ્ચર દ્વારા વૃક્ષોને ઈચ્છિત ગુણવત્તા મુજબ તથા વધુ ઝડપે મોટી સંખ્યામાં ઉછેરી શકાય છે. આ પધ્ધતિમાં સંપૂર્ણપણે વૈજ્ઞાનિક ઢબે વૃક્ષોની ઉત્તમ કવોલીટીને વિકસાવવાનું કામ કરે છે સાથે સાથે ઝડપી વનીકરણની પ્રક્રિયામાં ખૂબ જ મદદરૂપ નિવડે છે. ખાનગી ધોરણે મધ્ય તથા દક્ષિણ ગુજરાતમાં કેળા અને દાડમની ખેતીમાં આ પધ્ધતિ ખૂબ જ લોકપ્રિય છે. જે ફળની સારી ગુણવત્તા અને મબલખ પાક આપવામાં સહાયરૂપ થઈ રહી છે. ગાંધીનગરના વન તાલીમ કેન્દ્ર ખાતે ટીશ્યુ કલ્ચર લેબોરેટરીમાં છેલ્લા ૭ વર્ષમાં આશરે ૭ લાખ જેટલા સાગના રોપા તૈયાર કરી ગુજરાતના વિવિધ ભાગોમાં પહોંચાડવામાં આવ્યા છે. આ પધ્ધતિના કારણે વલસાડ,ડાંગ વગેરે વિસ્તારમાંથી ઝડપથી ઘટી રહેલા સાગના વૃક્ષોની સંખ્યા વધારવામાં ખાસ્સી મદદ મળી રહી છે તેવું વન વિભાગના એસ.એફ. કિશોરભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું.







ટીશ્યુ કલ્ચર પધ્ધતિમાં જે તે વૃક્ષની અગ્ર કલિકામાંથી તેના 'ટીશ્યુ' એટલે કે 'અંશ' મેળવવામાં આવે છે. આ ટીશ્યુને શુટીંગ પધ્ધતિ દ્વારા લેબોરેટરીમાં ખાસ પ્રકારના માધ્યમમાં આરોપિત કરાય છે. વિકસિત ટીશ્યુને મલ્ટીપ્લિકેશન દ્વારા એકમાંથી અનેક ભાગ કરી ફરી આરોપિત કરાય છે અને તેને વિકસાવી તેનુ રૂટિંગ એટલે મૂળ તૈયાર કરવાનું કાર્ય હાથ ધરાય છે. આ તમામ પ્રક્રિયા દરમિયાન ૨૬ થી ૨૮ ડિગ્રી તાપમાન જાળવવામાં આવે છે. આશરે બે માસના સમયમાં તૈયાર થયેલ છોડને મીસ ચેમ્બરમાં લઈ જવાય છે. અહીં બીજા બે માસની પ્રોસેસ પછી રોપા તૈયાર થાય છે જેને ગ્રીન હાઉસમાં બે થી ત્રણ દિવસ માટે 'હાર્ડનીંગ' માટે એટલે કે કુદરતી વાતાવરણને અનુકુળ બનાવાય છે. ત્યાર બાદ આ રોપા વાવેતર માટે તૈયાર થઈ જતા હોઈ તેનું વિતરણ કરવામાં આવે છે. ગાંધીનગરની ટીશ્યુ કલ્ચર લેબોરેટરી એક સાથે ૧.૫૦ લાખ જેટલા રોપા તૈયાર કરવાની ક્ષમતા ધરાવે છે. સૌ પ્રથમ અહીં ૧૯૯૬-૯૭ના વર્ષમાં મૂસળી પર સફળ પ્રયોગ કરાયો હતો. અત્યારે વન વિભાગ દ્વારા 'સાગ'ના વૃક્ષોના દર માસે ૩૦ હજાર જેટલા રોપા તૈયાર કરાઈ રહ્યા છે જેને ગુજરાત ભરની વન વિભાગની ટેરેટરીઓમાં વાવેતર કરાય છે. આ ઉપરાંત સાગની ખેતી કરવા માંગતા ખેડૂતોને પણ કિફાયતી ભાવે વેચવામાં આવે છે.

## સે-૪માં ૬૦ વર્ષીય વૃદ્ધાનો ગળે ફાંસો ખાઈ આપઘાત

### દિકરીએ પણ આ જ રીતે આપઘાત કર્યો હતો ત્યારથી માતા પણ હતાશ હતી : આપઘાતનું કારણ અકબંધ

ગાંધીનગર, તા.૧૨

શહેરના સે-૪-ડી ખાતે રહેતા ૬૦ વર્ષીય વૃદ્ધાએ આજે સવારના અરસામાં પરિવારજનો બહાર હતા તે સમયગાળામાં કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ લઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. વૃદ્ધાએ કરેલા આપઘાતનું ચોકકસ કારણ હજુ બહાર આવ્યું નથી પરંતુ પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું છે કે ઘણા સમય પહેલા તેમની દિકરીએ પણ આ જ રીતે આપઘાત કર્યો હતો ત્યારથી તે હતાશ થઈ ગયેલા હતા. સે-૭ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પી.એમ. કરાવી વધુ તપાસ આરંભી છે.

શહેરના સેકટર-૪-ડી પ્લોટ નં. ૯૮૪/૧ ખાતે રહેતા ૬૦ વર્ષીય વૃદ્ધા કલ્પનાબેન પુનમચંદ પંડયા આજે સવારના સુમારે પરિવારના સભ્યો બહાર ગયા હોવાથી ઘરે એકલા હતા. તેમના પરિવારમાં પતિ અને બે દિકરાઓ છે. સભ્યો બહાર ગયા તે સમયગાળા દરમિયાન કલ્પનાબેને કોઈ અગમ્ય કારણોસર પોતાના રૂમમાં જઈને પંખે ગળે ફાંસો ખાઈ લઈ મોતને વ્હાલુ કરી દીધું હતું. પરિવારના સભ્યોને ઘટનાની જાણ થતા તેમના પગ તળેથી જાણે જમીન સરકી ગઈ હતી. ઘટનાની જાણ સે-૭ પોલીસને થતા પીએસઆઈ એસ.એમ. ચૌધરી તેમની ટીમ સાથે સ્થળ પર પહોંચી ગયા હતા. જો કે કોઈ સ્યુસાઈડ નોટ કે અન્ય લખાણ મળી આવ્યું ન હતું. વૃદ્ધાના આપઘાતનું કારણ હજુ અકબંધ છે પરંતુ પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે તેમની દિકરીએ અગાઉ ઘણા સમય પહેલા ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો ત્યારથી માતા કલ્પનાબેન પણ હતાશ હતા. પોલીસે તે દિશામાં પણ તપાસ શરુ કરી છે.

### ચિરવિદાય

- સ્વ. શંકરભાઈ બહેચરદાસ પટેલ, ઉ.વ. ૮૫
- સ્વ. કલ્પનાબેન પૂનમચંદ પંડયા, ઉ.વ. ૬૦
- સ્વ. લીલાબેન સેંધાજી ઠાકોર, ઉ.વ. ૫૫
- સ્વ. કિશનજી સેંધાજી ઠાકોર, ઉ.વ. ૧૭